**અગ્રતા ક્રમ -: ૦૭**

**વિભાગ :-** શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક :** ૧૫/૪/૪૫૩

**૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ : ૦૭.૦૨.૨૦૨૪**

**પ્રશ્નનું શિર્ષક :** જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતીમેળા

**પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :**

શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ)

# અગ્રતા ક્રમ : ૦૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૫૩

## અનુક્રમણિકા

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | જામનગર જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતી મેળામાં કેટલા નોકરી દાતા હાજર રહ્યાં અને મુખ્યત્વે કયા ક્ષેત્રમાં નોકરી આપવામાં આવી ? | શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) |
| પેટા પ્રશ્ન-૨ | જામનગર જિલ્લામાં તા.૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઓનલાઇન તથા કેટલા ફીઝીકલ (ઓફલાઇન) ભરતી મેળા યોજવામાં આવ્યા ? | શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) |
| પેટા પ્રશ્ન-૩ | રોજગાર કચેરીમાં નામ નોંધણી માટે કોઈ ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ છે ? જો હોય, તો આ સુવિધા અંગે માહિતી આપશો? | શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર) |
| પેટા પ્રશ્ન-૪ | ઔદ્યોગિક ભરતીમેળાના આયોજનની ઉપયોગીતા જણાવશો અને આ ભરતીમેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે ? | શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર) |
| પેટા પ્રશ્ન-૫ | રોજગારી મેળવવા માટે “રોજગાર ભરતી મેળા” સિવાય રોજગાર કચેરી અન્ય કેવી રીતે મદદરૂપ થઇ શકે ? | શ્રી દિવ્યેશભાઇ અકબરી (જામનગર દક્ષિણ) |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન — ક્રમાંક: પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/453

વિષય:

જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 08/01/2024 | 01/02/2024 | 16/01/2024 |

*15/4/453 શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ)

શ્રમ અને રોજગાર જણાવવા કૃપા કરશે કે:-

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને

(૨) ઉક્ત ભરતી મેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

----

Scanned with CamScanner

મેઇન પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળા

*15/4/453 : શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા (કાલાવડ):- માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
| --- | --- | --- | --- |
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળા યોજવામાં આવ્યા, અને | (૧) | ૪૮ |
| (૨) | ઉક્ત ભરતીમેળામાં કુલ કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) | ૩૫૫૦ |

ગૃહમાં જવાબ મોકલવાની તારીખ:૦૧/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર.-૦૫/આર-(૨)
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૨૯/૦૧/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/453 અન્વયે વધારાની ત્રણ નકલો સહીત.

(ગગુભા રાજ)
નાયબ સચિવ (રોજગાર)
શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

નકલ રવાના:-

૧. માન.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.રા.ક.મંત્રીશ્રી, શ્રમ અને રોજગારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
૩. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રા. ૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તેઓશ્રીના તા.૧૯/૦૧/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: રોતાનિ/સ્કીમે-૮/વિસપ/૧૪૧/૨૪ અન્વયે જાણ સારુ.
૪. સેકશન અધિકારીશ્રી, સંકલન શાખા, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. શાખા સિલેક્ટ ફાઈલ

CS Scanned with CamScanner

મેઇન પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

**પ્રસ્તુત વિધાનસભા પ્રશ્ન રાજયમાં રોજગાર કચેરી દવારા કરવામાં આવતી કામગીરી અંગેનો છે.**

- **નિયામકશ્રી રોજગાર અને તાલીમની કચેરી હેઠળ રાજયમાં ૪૬ રોજગાર કચેરીઓ કાર્યરત્ત છે.**
- **રોજગારવાંછું ઉમેદવારોને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે માટે રાજ્યની રોજગાર કચેરીઓ ખાતે નામ નોંધણી, ખાલી જગ્યાઓ સામે ઉમેદવારોની ભલામણ, કારકિર્દી માર્ગદર્શન તથા કાઉન્સેલિંગ જેવી અગત્યની સેવાઓ ઉપલબ્ધ છે.**
- **રોજગારવાંછુંઓને તેમની આવડત તથા કૌશલ્ય અનુસાર રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.**
- **લશ્કર/અર્ધલશ્કરી દળોમાં ભરતી પૂર્વેની તાલીમ યોજના અંતર્ગત યુવાનોને શારીરિક તથા લેખિત કસોટી અંગેની સઘન તાલીમ આપવામાં આવેલ છે.**
- **રાજ્યના યુવાનોને રોજગારી તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ ઓનલાઈન માધ્યમથી પુરૂ પાડી શકાય તે માટે "અનુબંધમ" વેબ પોર્ટલ વિકસાવવામાં આવેલ છે.**
- **રાજ્યના યુવાનોને કોલ સેન્ટરના માધ્યમથી કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનીક માધ્યમથી મેળવી શકે તે માટે દેશમાં સૌપ્રથમ વખત "રોજગાર સેતુ" કોલ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.**
- **આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ખાતે સેમીનાર/વેબીનારના માધ્યમ દ્વારા અથવા રૂબરૂ અભ્યાસલક્ષી/ રોજગારલક્ષી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે.**

**મેઇન પેજ પર જાઓ**

## પૂરક નોંધ

| રોજગાર ભરતીમેળા |
|---|

- ઉધોગોની જરુરિયાત મુજબ કૌશલ્યલક્ષી માનવબળ અને યુવાનોને ખાનગીક્ષેત્રે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી રોજગાર કચેરીઓ દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે.
- ખાનગીક્ષેત્રના એકમો પાસેથી ખાલી પડતી જગ્યાઓની માહિતી મેળવીને ઉમેદવારોને અને નોકરીદાતાઓને એક મંચ ઉપર એકત્રિત કરવામાં આવે છે.
- રાજ્યની રોજગાર કચેરીઓ તાલુકા/જી.આઈ.ડી.સી. કક્ષાએ, જીલ્લા કક્ષાએ તથા ક્લસ્ટર કક્ષાએ ભરતીમેળાનું આયોજન કરે છે. પ્રચારના વિવિધ માધ્યમો દ્વારા ભરતીમેળાની પ્રસિદ્ધિ કરવામાં આવે છે તથા ઔધોગિક વસાહતો, શાળા/કોલેજના કેમ્પસ, આઇ.ટી.આઇ. કેમ્પસ ખાતે સુચારુ આયોજન કરવામાં આવે છે

➢ <u>ભરતીમેળાનું આયોજન</u>:

- રાજ્યના રોજગારવાચ્છું ઉમેદવારો ભરતી મેળાનો લાભ લઇ, ચોક્કસ સફળતા પ્રાપ્ત કરી શકે તે માટે ભરતી મેળાનું નક્કર આયોજન હાથ ધરવામાં આવે છે. આ માટે મુખ્યત્વે બે પ્રકારે મોબીલાઈઝેશન કરવામાં આવે છે (૧) રોજગારવાચ્છું ઉમેદવારોનું મોબીલાઈઝેશન તથા (૨) નોકરીદાતાઓનું મોબીલાઈઝેશન.

- (૧) <u>રોજગારવાચ્છું ઉમેદવારોનું મોબીલાઈઝેશન</u>:
    - ભરતીમેળામાં ઉમેદવારો મોટા પ્રમાણમાં ભાગ લે તે માટે નોંધાયેલ ઉમેદવારોને કોલ લેટર, ઈ-મેઈલ, એસએમએસ થી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત સોશીયલ મીડિયા, વર્તમાનપત્રમાં જાહેરખબર, રેડીયો, ટી.વી. જેવા માધ્યમોથી બહોળો પ્રચાર-પ્રસાર કરી ઉમેદવારોને આકર્ષવામાં આવે છે. રોજગાર કચેરીઓનાં મોબીલાઈઝેશનના પરિણામે રાજ્યભરમાં વર્ષ ૨૦૨૩માં યોજાયેલ ૧૩૨૫ રોજગાર ભરતીમેળાઓમાં કુલ ૨,૪૯, ૦૩૬ ઉમેદવારો હાજર રહેલ છે.
- (૨) <u>નોકરીદાતાઓનું મોબીલાઈઝેશન</u>:
    - જે ઔદ્યોગિક એકમોમાં ખાલી જગ્યાઓ હોય તે એકમોમાં રોજગાર કચેરીઓ નોકરીદાતાના સતત સંપર્કમાં રહી ખાલી જગ્યાઓની માહિતી મેળવે છે તથા તેમને માર્ગદર્શિત કરે છે. જેના પરિણામે રાજ્યભરમાં વર્ષ ૨૦૨૩માં યોજાયેલ ૧૩૨૫ રોજગાર ભરતીમેળાઓમાં ૬,૨૩૧ નોકરીદાતાઓ હાજર રહેલ છે.
- <u>રોજગારવાચ્છું ઉમેદવારોને આપવામાં આવતી સુવિધાઓ</u>:
    - રોજગાર કચેરીના દફતરે નોંધાયેલા ઉમેદવારોને રોજગાર ભરતીમેળામાં હાજર રહેવા માટે જાણ કરવામાં આવે છે. ભરતીમેળાના સ્થળે ઉમેદવારોને બેસવા માટે અલગ બેઠક વ્યવસ્થા, ઇન્ટરવ્યુ માટે અલગ રુમોની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉમેદવારો માટે પીવાના પાણીની વ્યવસ્થા તેમજ રીફ્રેશમેન્ટની વ્યવસ્થા કરવામાં આવે છે.

➢ <u>નોકરીદાતાઓને આપવામાં આવતી સુવિધાઓ</u>:

- ભરતીમેળાના સ્થળે નોકરીદાતાને ઈન્ટરવ્યું લેવા માટે ખાસ સ્ટોલ ફાળવવામાં આવે છે. નોકરીદાતાની માંગણી અનુસાર ઉમેદવારોની પસંદગી બાબતે તબક્કાવાર (લેખિત કસોટી, મૌખિક ઈન્ટરવ્યું) પસંદગી પ્રક્રિયા અનુસરવા માંગતા હોય તો તે મુજબની પણ વ્યવસ્થા કરી આપવામાં આવે છે.

  આમ, વર્ષ-૨૦૨૩માં રાજ્યની રોજગાર કચેરીઓના સઘન પ્રયત્નોના કારણે કુલ ૧૩૨૫ ઔધોગિક ભરતીમેળાઓના આયોજન થકી ૧,૪૩,૩૨૧ ઉમેદવારો પસંદગી પામેલ છે.

➢ <u>ઓનલાઈન ભરતી મેળા:</u>

- કોવિડ-૧૯ના સંક્રમણની પરીસ્થિતિમાં નોકરીદાતાઓ ભરતીમેળાના સ્થળે એક સાથે મોટા પ્રમાણમાં ઉમેદવારોના સંપર્કમાં આવવા ઇચ્છતા ન હોય, તેમજ ઉમેદવારોને ભરતીમેળામાં હાજર રહેવા મુસાફરી ન કરવી પડે તથા રૂબરૂ સંપર્ક વગર રોજગારીની તકો મળી રહે તે હેતુથી ડીજીટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવા ઓનલાઇન(વર્ચયુઅલ) ભરતીમેળાનો નવતર અભિગમ રોજગાર કચેરીઓએ કરેલ છે.
- ઓનલાઈન માધ્યમ થકી નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓને એકત્ર કરવામાં નોંધપાત્ર સફળતા મળેલ છે તેના થકી રોજગારવાંચ્છુ યુવાનોને પાત્રતા મુજબ રોજગારી તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ પૂરૂં પાડવા માટેના પ્રયાસ કરવામાં આવેલ છે.
- ઓનલાઇન ભરતીમેળામાં રોજગારવાંચ્છુ યુવાનો તથા નોકરીદાતાઓનો સારો પ્રતિસાદ મળેલ છે તથા આ પ્રકારના વર્ચ્યુઅલ ભરતીમેળા ઉપયોગી, અસરકારક થતા પરિણામલક્ષી નીવડેલ છે.

| પ્રાયોરીટી નંબરઃ-૦૭ | | | | | |
|---|---|---|---|---|---|
| વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:-15/4/453<br>માન.ધારાસભ્યશ્રી:- શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ) | | | | | |
| જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔધોગિક ભરતીમેળાની માહિતી દર્શાવતું પત્રક | | | | | |
| ક્રમ | ભરતીમેળાનું માધ્યમ | યોજવામાં આવેલ ભરતીમેળાની સંખ્યા | ભરતીમેળામાં હાજર ઉમેદવારોની સંખ્યા | ભરતીમેળામાં રોજગારી મેળવેલ ઉમેદવારોની સંખ્યા | ભરતીમેળામાં હાજર રહેલ નોકરીદાતાની સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ઓફલાઇન | ૩૯ | ૭૦૨૦ | ૩૪૨૨ | ૩૪૯ |
| ૨ | ઓન લાઇન | ૯ | ૪૨૦ | ૧૨૮ | ૨૩ |
| કુલ સરવાળો | | ૪૮ | ૭૪૪૦ | ૩૫૫૦ | ૩૭૨ |

# પ્રાયોરીટી નંબરઃ ૦૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્નક્રમાંક:-15/4/453

## માન.ધારાસભ્યશ્રી:- શ્રી મેધજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ)

### જામનગર જીલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં યોજવામાં આવેલ ઔધોગિક ભરતીમેળામાં હાજર રહેલા મુખ્ય નોકરીદાતાઓની વિગત

| ક્રમ | નોકરીદાતાનું નામ | રોજગારી આપેલ ઉમેદવારોની સંખ્યા | ટ્રેડનું નામ/જગ્યાનુ નામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આદિત્ય બિરલા કેપિટલ ,જામનગર | ૨૪૫ | ઈન્શ્યોરન્સ એજન્ટ, ઓફીસ વર્ક, બ્રાંચ મેનેજર,સેલ્સ મેનેજર, ટેલી કોલર, કોમ્પ્યુટર ઓપરેટર |
| ૨ | ભરતી અક્સા લાઈફ ઈન્સ્યોરન્સ જામનગર | ૨૧૦ | ઈન્શ્યોરન્સ એજન્ટ, બ્રાંચ મેનેજર અને મેનેજર ઓફીસ વર્કર |
| ૩ | રિલાયન્સ ફાઈનાન્સ કેપિટલ જામનગર | ૧૯૮ | ઈન્શ્યોરન્સ એજન્ટ, ઓફીસ વર્ક, બ્રાંચ મેનેજર & સેલ્સ મેનેજર,ટેલી કોલર, કોમ્પ્યુટર ઓપરેટર |
| ૪ | મેક્સ લાઈફ ઈન્સ્યોરન્સ જામનગર | ૧૭૬ | બ્રાંચ મેનેજર અને મેનેજર ઓફીસ વર્કર, ઈન્શ્યોરન્સ એજન્ટ, |
| ૫ | અતુલ ઓટોમોટીવ & સેલ્સ જામનગર | ૧૩૬ | સેલ્સ ઓફિસર , માર્કેટિંગ મેનેજર, બ્રાંચ હેડ, ઓફીસ બોય, ટેકનીશીયન |
| ૬ | સમય સંદેશ ન્યુજ જામનગર | ૯૮ | મીડિયા રિપોર્ટર અને ફિલ્ડ વર્કર અને કોમ્પ્યુટર ઓપરેટર એડિટર |
| ૭ | સ્વાન સ્વીટ્સ,વસઈ, જામનગર | ૮૫ | વર્કર અને બ્રાંચ મેનેજર અને આઈટમ મેકર |
| ૮ | ક્રીશ કમ્પોનેન્ટ જામનગર | ૭૮ | ઓપરેટર હેલ્પર વર્કર અને સુપરવાઈઝર અને લેબર વર્કર |

| | | | |
|---|---|---|---|
| ૯ | વર્ધમાન ક્રોકરી & સેલ્સ જામનગર | ૭૬ | સેલ્સ ઓફિસર ફિલ્ડ ઓફિસર માર્કેટિંગ મેનેજર અને ઓફીસ વર્ક |
| ૧૦ | એશિયન એજ્યુકેશન પ્રા.લી. જામનગર | ૭૬ | ઓફીસ વર્ક બ્રાંચ મેનેજર હેલ્પર આસીસ્ટન્ટ સુપરવાઈઝર |
| ૧૧ | રાધિકા એન્ટરપ્રાઈઝ જામનગર | ૭૬ | સેલ્સ & માર્કેટિંગ મેનેજર આસીસ્ટન્ટ વર્કર |
| ૧૨ | પટેલ બ્રાસ ઇન્ડસ્ટ્રીઝ જામનગર | ૭૫ | વર્કર સુપરવાઈઝર મેનેજર સેલ્સ |
| ૧૩ | કીચન્સ હેવન જામનગર | ૭૫ | સેલ્સ માર્કેટિંગ |
| ૧૪ | ડીઝાઇન ટુ ડેવલોપ ઇન્ડિયા જામનગર | ૬૫ | સેલ્સ માર્કેટિંગ ઓફીસ વર્ક અને ફિલ્ડ |
| ૧૫ | ભારત પ્રિસિઝન જામનગર | ૬૪ | હેલ્પર વર્કર ઓપરેટર |
| ૧૬ | વેકરીયા એન્જીનીયરીંગ જામનગર | ૫૬ | હેલ્પર વર્કર ઓપરેટર |
| ૧૭ | પટેલ બ્રાસ ઇન્ડસ્ટ્રીઝ જામનગર | ૫૬ | હેલ્પર વર્કર ઓપરેટર |
| ૧૮ | એન.જે.ફાઈનાન્સ જામનગર | ૫૬ | ઓફીસ વર્ક બ્રાંચ મેનેજર હેલ્પર આસીસ્ટન્ટ સુપરવાઈઝર |
| ૧૯ | રાજ ડીઝાઇન જામનગર | ૫૬ | સેલ્સ માર્કેટિંગ ઓફીસ વર્ક અને ફિલ્ડ |
| ૨૦ | નમ્રતા વેલનેસ સેન્ટર જામનગર | ૫૬ | સેલ્સ માર્કેટિંગ ઓફીસ વર્ક અને ફિલ્ડ |
| ૨૧ | અતુલ મોટર્સ, જામનગર | ૫૬ | મેકેનિક હેલ્પર માર્કેટિંગ & સેલ્સ |
| ૨૨ | ગ્રાસ એકેડમી જામનગર | ૫૪ | માર્કેટિંગ ટીચિંગ ઓફીસ વર્ક |
| ૨૩ | યેલો ગોલ્ડ કમ્પોનેન્ટ જામનગર | ૫૨ | સેલ્સ માર્કેટિંગ ઓફીસ વર્ક અને ફિલ્ડ |
| ૨૪ | રાજ ડીઝાઇન જામનગર | ૫૧ | સેલ્સ માર્કેટિંગ ઓફીસ વર્ક અને ફિલ્ડ |
| ૨૫ | એન્જલ ટુર્નામેટીક જામનગર | ૪૬ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર |
| ૨૬ | રાગી ઇન્ટરનેશનલ જામનગર | ૪૬ | હેલ્પર વર્કર ઓપરેટર સુપરવાઈઝર લેબર |
| ૨૭ | રાધે ક્રિશ્ના એન્ટરપ્રાઈઝ જામનગર | ૪૫ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર |
| ૨૮ | અતુલ ઓટો ઇન્ડસ્ટ્રીઝ જામનગર | ૪૫ | મેકેનિક હેલ્પર વર્કર ઓફીસ સ્ટાફ સેલ્સ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | ભારત પ્રિસિઝન  જામનગર | ૪૫ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર |
| ૩૦ | લેન્ડ માર્ક હોન્ડા  જામનગર | ૪૩ | સેલ્સ & માર્કેટિંગ મેનેજર આસીસ્ટન્ટ ફિલ્ડ વર્કર હેલ્પર |
| ૩૧ | કલા સંસ્કૃતી એજુકેશન એન્ડ ટ્રેઇનિંગ  જામનગર | ૪૨ | ટીચિંગ મેનેજમેન્ટ ઓફીસ વર્ક |
| ૩૨ | મારુતિ ઇન્ડસ્ટ્રીઝ  જામનગર | ૪૨ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર લેબર કોન્ટ્રાક્ટર |
| ૩૩ | એમ્પાયર એલોયસ  જામનગર | ૪૧ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર લેબર કોન્ટ્રાક્ટર |
| ૩૪ | અવધ હોન્ડા  જામનગર | ૩૬ | માર્કેટિંગ સેલ્સ ઓફીસ વર્ક ફિલ્ડ વર્કર |
| ૩૫ | કરણ એન્ટરપ્રાઈઝ  જામનગર | ૩૨ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર |
| ૩૬ | કીશ કમ્પોનેન્ટ  જામનગર | ૨૮ | ઓફીસ વર્ક મેનેજર સુપરવાઈઝર લેબર કોન્ટ્રાક્ટર |
| ૩૭ | કલાસંસ્કુતિ કોયર પ્રોડક્ટ, જામનગર | ૨૬ | સેલ્સ માર્કેટિંગ ઓફીસ વર્ક અને ફિલ્ડ |
| ૩૮ | સ્વાન સ્વીટ્સ  જામનગર | ૨૬ | વર્કર અને બ્રાંચ મેનેજર અને આઈટમ મેકર સુપરવાઈઝર |
| ૩૯ | સહકાર હાઉસિંગ ફાયનાન્સ જામનગર | ૨૬ | સેલ્સ & માર્કેટિંગ મેનેજર આસીસ્ટન્ટ ફિલ્ડ વર્કર હેલ્પર |
| ૪૦ | જીટીપીએલ ન્યુજ  જામનગર | ૨૪ | સેલ્સ & માર્કેટિંગ મેનેજર આસીસ્ટન્ટ ફિલ્ડ વર્કર હેલ્પર |
| ૪૧ | લક્ષ્મી એન્જીનીયરીંગ જામનગર | ૨૪ | હેલ્પર વર્કર ઓપરેટર સુપરવાઈઝર લેબર |
| ૪૨ | ડીઝાઇન ટુ ડેવલોપ ઇન્ડિયા જામનગર | ૨૩ | સેલ્સ & માર્કેટિંગ મેનેજર આસીસ્ટન્ટ ફિલ્ડ વર્કર હેલ્પર |
| ૪૩ | મારુતિ ઇન્ડસ્ટ્રીઝ  જામનગર | ૨૩ | સેલ્સ & માર્કેટિંગ મેનેજર આસીસ્ટન્ટ ફિલ્ડ વર્કર ઓપરેટર |
| ૪૪ | કરણ એન્ટરપ્રાઈઝ  જામનગર | ૨૧ | માર્કેટિંગ સેલ્સ ઓફીસ વર્ક ફિલ્ડ વર્કર |
| ૪૫ | અતુલ ઓટો ઇન્ડસ્ટ્રીઝ જામનગર | ૨૧ | માર્કેટિંગ સેલ્સ ઓફીસ વર્ક ફિલ્ડ |

| | | | |
|---|---|---|---|
| ૪૬ | એન.જે.ફાઈનાન્સ જામનગર | ૧૬ | ઈન્શ્યોરન્સ એજન્ટ, ઓફીસ વર્ક & બ્રાંચ મેનેજર & સેલ્સ મેનેજર |
| ૪૭ | ધીર ટોયોટા જામનગર | ૧૬ | માર્કેટિંગ સેલ્સ ઓફીસ વર્ક ફિલ્ડ |
| ૪૮ | અન્ય નાના નોકરીદાતા/એકમો | ૫૮૭ | અન્ય વિવિધ જગ્યાઓ |
| **કુલ રોજગારી** | | **૩૫૫૦** | |

# છેલ્લા પાંચ વર્ષમાં જામનગર જીલ્લામાં રોજગારી

| વર્ષ | રોજગાર કચેરી મારફતે કુલ રોજગારી (પ્લેસમેન્ટ) | કુલ રોજગારી પૈકી ભરતીમેળામાં રોજગારી |
|---|---|---|
| ૨૦૧૯ | ૮,૬૦૮ | ૮,૬૦૮ |
| ૨૦૨૦ | ૪,૯૬૫ | ૩,૭૩૩ |
| ૨૦૨૧ | ૫,૭૩૭ | ૧,૯૫૫ |
| ૨૦૨૨ | ૭,૦૦૦ | ૨,૮૪૩ |
| ૨૦૨૩ | ૭,૨૪૭ | ૩,૫૫૦ |
| છેલ્લા પાંચ વર્ષનું વર્ષ:૨૦૧૯ થી ૨૦૨૩ | ૩૩,૫૫૭ | ૨૦,૬૮૯ |

- જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપાયેલ ૩૫૫૦ રોજગારી પૈકી સેકટરવાર નીચે મુજબ રોજગારી આપવામાં આવી.

| મેન્યુફેકચરીંગ સેકટર | | |
|---|---|---|
| ક્રમ | સેકટર | રોજગારી |
| ૧ | મેન્યુફેચરીંગ ઓફ એન્જીનીયરીંગ ગુડ્સ | ૨૫ |
| ૨ | મેટલ અને ફાઉન્ડ્રી | ૫૭૧ |
| ૩ | જેમ્સ અને જવેલરી | ૦ |
| ૪ | ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ | ૧ |
| ૫ | ઓટોમોબાઈલ્સ | ૦ |
| ૬ | ઈલેક્ટ્રીકલ્સ અને ઈલેક્ટ્રોનીક્સ | ૨ |
| ૭ | કનસ્ટ્રકશન | ૨ |
| ૮ | અન્ય | ૬૮ |
| કુલ(મેન્યુફેકચરીંગ સેક્ટર) | | ૬૬૯ |
| સર્વિસ સેક્ટર | | |
| ક્રમ | સેકટર | રોજગારી |
| ૧ | આઈ.ટી. | ૩ |
| ૨ | બી.એફ.આઈ.એસ. | ૫૬ |
| ૩ | સેલ્સ અને રીટેઈલ | ૨૭૩૬ |
| ૪ | હોસ્પિટાલીટી અને મેનેજમેન્ટ | ૩૨ |
| ૫ | સિક્યુરીટી સર્વિસ | ૧૦ |
| ૬ | હેલ્થ અને ફાર્માસ્યુટીકલ્સ | ૦ |
| ૭ | લોજીસ્ટીક્સ અને ટ્રાન્સપોર્ટેશન | ૦ |
| ૮ | અન્ય | ૪૪ |
| કુલ(સર્વિસ સેક્ટર) | | ૨૮૮૧ |
| કુલ સરવાળો(મેન્યુફેકચરીંગ+સર્વિસ) | | ૩૫૫૦ |

# છેલ્લા પાંચ વર્ષમાં રોજગાર કચેરીઓની કામગીરી

## ➢ રોજગારી તથા રોજગાર ભરતી મેળા:

- છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૧૪,૪૩,૭૯૦ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ. જે પૈકી ૭,૫૦૧ રોજગાર ભરતીમેળાના આયોજન થકી ૭,૨૪,૭૨૯ ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.

## ➢ લશ્કર અને અર્ધલશ્કરી દળોમાં ભરતીપૂર્વેની પરીક્ષાલક્ષી તાલીમ યોજના:

- આ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં રાજયવ્યાપી ૧૯૪ તાલીમવર્ગોના આયોજનથી ૫,૬૨૦ ઉમેદવારોને શારીરિક તથા લેખિત કસોટી અંગેની સઘન તાલીમ આપવામાં આવેલ છે.

## ➢ સંરક્ષણ ભરતી મેળામાં પસંદગી:

- રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં યોજાયેલા સંરક્ષણ ભરતીમેળામાં રાજ્યની રોજગાર કચેરીઓના પ્રયત્નો ને કારણે ૫,૬૨૦ ઉમેદવારો પસંદગી પામેલ છે.

## ➢ વિદેશ રોજગાર અને કારકિર્દી માહિતી કેન્દ્ર:

- વિદેશમાં અભ્યાસ તથા રોજગારી કરવા ઇચ્છુક ઉમેદવારોને સંપૂર્ણ માર્ગદર્શન મળી રહે તે હેતુથી રાજ્યમાં અમદાવાદ, વડોદરા તથા રાજકોટ ખાતે વિદેશ રોજગાર અને કારકિર્દી માહિતી કેન્દ્રો કાર્યરત છે. આ કેન્દ્રો દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧,૮૧૪ સેમિનારના આયોજન થકી ૧,૮૨,૪૬૮ ઉમેદવારોને માર્ગદર્શન પૂરું પાડેલ છે.

## ➢ "રોજગાર સેતુ" પ્રોજેક્ટ:

- રાજ્યના યુવાનોને કોલ સેન્ટરના માધ્યમથી કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગારલક્ષી તથા સરકારી યોજનાની માહિતી ટેલિફોનીક માધ્યમથી મળી શકે તે માટે "રોજગાર સેતુ" પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે. આ સેવાનો એક લાખ થી વધુ યુવાનોએ લાભ લીધેલ છે.

## રોજગાર કચેરીઓ મારફત રોજગારી આપવામાં ગુજરાત મોખરે

- ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા માર્ચ-૨૦૨૩ માં પ્રસિદ્ધ થયેલ 'એમ્પ્લોયમેન્ટ એક્ષ્ચેન્જીસ સ્ટેટીસ્ટીકસ-૨૦૨૩' મુજબ રોજગાર કચેરીઓ મારફતે ૨૦૨૨ ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે રહેલ છે.

## ગુજરાત રાજ્યનો બેરોજગારીનો દર

- મીનીસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટીક્સ અને પ્રોગ્રામ ઈમ્પ્લીમેન્ટેશન(મોસ્પી), ભારત સરકાર દ્વારા થયેલા ઓકટોબર-૨૦૨૩ ના પેરીયોડીક લેબર ફોર્સ સર્વે(પી.એલ.એફ.એસ) માં અલગ-અલગ વયમર્યાદા માટે બેરોજગારીના દર અંગેનો સર્વે હાથ ધરવામાં આવેલ. તમામ વયજૂથ માટે થયેલ સર્વે અનુસાર ભારતનો બેરોજગારીનો દર ૩.૨ ટકા છે જયારે ગુજરાતમાં માત્ર ૧.૭ ટકા જ છે.

મેઇન પેજ પર જાઓ

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા માર્ચ-૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલ **"એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જીસ સ્ટેસ્ટીક્સ-૨૦૨૩"** મુજબ ૨૦૨૨ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ મારફતે રોજગારી પૂરી પાડવામાં **ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે** રહેલ છે. જેની અહેવાલથી ખાતરી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ: ગાંધીનગર

તા. ૦૬/૦૨/૨૦૨૪

અધિક નિયામક<br>
રોજગાર અને તાલીમ<br>
ગાંધીનગર

| | |
|---|---|
| અગ્રતા ક્રમ : ૦૭<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૫૩ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) | |
| પેટા પ્રશ્ન ૧ | જામનગર જિલ્લામાં તા ૨૦૨૩ ની સ્થિતિએ.૧૨.૩૧.છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતી મેળામાં કેટલા નોકરી દાતા હાજર રહ્યાં અને મુખ્યત્વે કયા ક્ષેત્રમાં નોકરી આપવામાં આવી ? |
| જવાબ | • જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ ભરતીમેળામાં ૩૭૨ નોકરીદાતા હાજર રહ્યા. જેમાં મુખ્યત્વે નીચે મુજબના ક્ષેત્રે નોકરી આપવામાં આવી.<br>• મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે-<br>○ મેટલ અને ફાઉન્ડ્રી<br>○ મેન્યુફેક્ચરીંગ ઓફ એન્જીનિયરીંગ ગુડ્સ<br>○ ઈલેક્ટ્રીકલ્સ અને ઈલેક્ટ્રોનીક્સ<br>○ કન્સ્ટ્રક્શન<br>○ ડ્રગ્સ અને ફાર્માસ્યુટીકલ્સ<br>• સર્વિસ ક્ષેત્રે-<br>○ સેલ્સ અને રીટેઈલ<br>○ બેન્કિંગ ફાયનાન્સ એન્ડ ઈન્શ્યોરન્સ સર્વિસ<br>○ હોસ્પિટાલીટી અને મેનેજમેન્ટ<br>○ સિક્યુરીટી સર્વિસ<br>○ આઈ.ટી |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૦૭**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૫૩** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** શ્રી મેઘજીભાઇ ચાવડા (કાલાવડ) | |
| **પેટા પ્રશ્ન ૨** | જામનગર જિલ્લામાં તા ૨૦૨૩.૧૨.૩૧.ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ઓનલાઇન તથા કેટલા ફીઝીકલ (ઓફલાઇન) ભરતી મેળા યોજવામાં આવ્યા? |
| **જવાબ** | જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજાયેલ કુલ-૪૮ ભરતીમેળા પૈકી ૦૯ ઓનલાઇન તથા ૩૯ ફિઝીકલ (ઓફલાઈન) ભરતીમેળા યોજવામાં આવ્યા. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ : ૦૭**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૫૩** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી:** શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર) | |
| **પેટા પ્રશ્ન ૩** | રોજગાર કચેરીમાં નામ નોંધણી માટે કોઈ ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ છે ? જો હોય, તો આ સુવિધા અંગે માહિતી આપશો? |
| **જવાબ** | • રોજગાર કચેરીમાં નામ નોંધણી માટે ઓનલાઇન સુવિધા ઉપલબ્ધ છે.<br>• રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા રાજ્યના યુવાનો અને નોકરીદાતાઓની સવલત માટે તા.૦૬/૦૮/૨૦૨૧ના રોજ "રોજગાર દિવસ" નિમિત્તે "અનુબંધમ" વેબ પોર્ટલ તથા મોબાઇલ એપ નું લોકાર્પણ કરવામાં આવેલ છે. આ પોર્ટલ નોકરીદાતા અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે. યુવાનો તથા નોકરીદાતાઓએ અનુબંધમ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઈન પર નોંધણી કરવાની રહે છે.<br>• "અનુબંધમ" વેબ પોર્ટલ રાજ્યના યુવાનોને રોજગારલક્ષી સેવાઓ ડિજિટલ મોડ દ્વારા મળી રહે તેમજ નોકરીદાતાઓને કુશળ માનવબળ આપવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે વિકસાવવામાં આવેલ છે. જેના માધ્યમથી ઉમેદવારો તેમની લાયકાત અને યોગ્યતા મુજબ યોગ્ય રોજગારી મેળવી શકે છે તેમજ નોકરીદાતા તેના એકમમાં રહેલ ખાલી જગ્યાઓની માટે જરૂરીયાત મુજબ ઉમેદવારોની પસંદગી કરી શકે છે. |

મેઇન પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ : ૦૭<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૫૩ | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રીમતી રીવાબા જાડેજા (જામનગર ઉત્તર) | |
| પેટા પ્રશ્ન ૪ | ઔદ્યોગિક ભરતીમેળાના આયોજનની ઉપયોગીતા જણાવશો અને આ ભરતીમેળામાં કયા ઉમેદવારો ભાગ લઇ શકે છે ? |
| જવાબ | • ઉમેદવારો અને નોકરીદાતાઓને એક પ્લેટફોર્મ પર એકત્રિત કરીને મોટા પાયે રોજગારીની તકો ઉભી કરવાનું આયોજન કરવામાં આવે છે.<br>• સ્થાનિક કક્ષાએ ભરતીમેળાના આયોજનથી રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારીની વિવિધ તકો અંગે જાગૃતતા આવે છે.<br>• પોતાના ઘર આંગણે રોજગારી મેળવી શકે છે.<br>• ઉમેદવારો તથા નોકરીદાતાના સમય, નાણાં અને શક્તિના બચાવમાં મદદ થાય છે.<br><br>અને<br><br>• રોજગાર કચેરી ખાતે નામનોંધણી કરાવેલ હોય તેવા તેમજ રોજગાર કચેરી ખાતે નામ નોંધણી ન કરાવેલ હોય તેવા તમામ પ્રકારના રોજગારવાંચ્છુ ઉમેદવારો ભાગ લઇ શકે છે. |

મેઇન પેજ પર જાઓ

| | |
|---|---|
| અગ્રતા ક્રમ : ૦૭<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૫૩ | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી દિવ્યેશભાઇ અકબરી (જામનગર દક્ષિણ) | |
| પેટા પ્રશ્ન ૫ | રોજગારી મેળવવા માટે "રોજગાર ભરતી મેળા" સિવાય રોજગાર કચેરી અન્ય કેવી રીતે મદદરૂપ થઇ શકે ? |
| જવાબ | રાજ્યના રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગાર ભરતીમેળા ઉપરાંત નીચે દર્શાવેલ અન્ય વિવિધ પ્રકારે રોજગારી મળી રહે અને તેમની રોજગાર ક્ષમતા વિકસે તે માટે કામગીરી કરવામાં આવે છે .<br>• રોજગાર કચેરી ખાતે નોંધાતી ખાલી જગ્યાઓ સામે લાયક ઉમેદવારોના નામોની ભલામણ યાદી નોકરીદાતાને મોકલવામાં આવે છે. જેઓ નોકરીદાતા દ્વારા આયોજીત ટેસ્ટ/ઈન્ટરવ્યુમાં ઉપસ્થિતિ રહી રોજગારી માટેની તક મેળવી શકે છે.<br>• સરકારશ્રી દ્વારા રોજગારવાંચ્છું ઉમેદવારો માટે શરૂ કરેલ "અનુબંધમ" વેબપોર્ટલ તથા મોબાઇલ એપ મારફતે ઉમેદવારો ઘરે બેઠા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકે છે તેમજ રોજગારવાંચ્છું ઉમેદવાર અનુબંધમ પોર્ટલ પર પોસ્ટ થયેલ ખાલી જગ્યાઓ જોઈ શકે છે અને ઓનલાઈન એપ્લીકેશન કરી રોજગારીની તકો મેળવી શકે છે.<br>• જાહેરક્ષેત્ર (સરકારી નોકરી)માં રોજગારી મેળવવા માંગતા ઉમેદવારો માટે રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા સોશિયલ મિડીયા, પ્રિન્ટમિડીયા તથા કચેરી ખાતે આવતા ઉમેદવારોને રૂબરૂમાં આ અંગેની જાહેરખબરો, અરજી કરવાની કાર્યપધ્ધતિ, જરૂરી લાયકાત અંગે માહિતગાર કરી રોજગારી મેળવવા પ્રેરીત કરવામાં આવે છે. |

| | |
|---|---|
| | • આર્મી, એરફોર્સ અને નેવી સહિત રાજ્યના સંરક્ષણદળો/અર્ધ લશ્કરી દળોમાં ભરતીથવા ઈચ્છુંક ઉમેદવારો માટે સબંધિત સંરક્ષણદળોની કચેરી સાથે પરામર્શમાં રહી લશ્કરી ભરતીમેળાઓનુ આયોજન રોજગાર કચેરીઓ દ્વારા જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં રહીને સમયાંતરે કરવામાં આવે છે. આ ઉપરાંત આવી ભરતી પુર્વે ઉમેદવારોને ૩૦ દિવસની નિ:શુલ્ક નિવાસી તાલીમ આપી તેમની રોજગાર ક્ષમતા વર્ધન કરવામાં આવે છે.<br>• રોજગાર કચેરીઓ ખાતે કેરિયર કાઉન્સેલીંગ માટે અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે, જેના મારફતે ઉજ્જવળ કારકિર્દિના ઘડતર માટે ઉમેદવારોને માર્ગદર્શન કરવામાં આવે છે.<br>• સ્વરોજગાર કરીને પગભર થવા ઈચ્છુક ઉમેદવારો માટે રોજગાર કચેરીઓ દ્વારા સમયાંતરે સ્વરોજગાર માર્ગદર્શન શિબિરોનું આયોજન કરી સરકારશ્રીના વિવિધ ખાતાઓની સ્વરોજગાર વિષયક યોજનાઓની માહિતી આપવામાં આવે છે. |

મેઇન પેજ પર જાઓ